નિર્વાણ અને સર્વને ઇનકારતી કેવલાવસ્થાની શોધ

શાંત ગગનમાંથી શાંત સૂર્ય અવલોકતો હતો. છેલ્લો વરસાદ ભાગેડુ બન્યો હતો. બડબડતાં વાદળાં વેરાઈ ગયાં હતાં. નીલ આકાશ સ્વચ્છ સ્મિતથી શોભતું હતું. શરદના શશિયરે જ્યોત્સ્ના-જાળમાં જગતને જાદૂગરીથી ઝાલ્યું હતું. સાવિત્રી સૃષ્ટિ સમાન સુપ્રસન્ન હતી. એણે નિજાત્માની પ્રાપ્તિ કરી હતી, જીવનનો ઉદ્દેશ જાણી લીધો હતો. એનામાં થયેલા અદ્દભુત રૂપાંતરની વાત એણે કોઈને કરી ન 'તી, છતાંય એનો ચમત્કારી પ્રભાવ આસપાસ પ્રસરવા માંડયો હતો. વૃક્ષોનો મર્મરાટ વાયુ સાથે એની વાતો કરતો હતો, પુષ્પોના રુચિર રંગ એના અજ્ઞાત આનંદનો ઉલ્લેખ કરતા હતા, પંખીઓનો કલશોર સ્તોત્રગાન બની ગયો હતો, જંગલનાં જનાવરો વેરભાવને વિસારી સુખસભર સહવાસ સેવતાં હતાં. સાવિત્રીના સાન્નિધ્યથી વનના મુનિઓનું ધ્યાન પણ એકાએક ઉચ્ચગામી બની ગયું હતું. સામાન્યમાં સામાન્ય વસ્તુએ પણ અલૌકિકતા પ્રાપ્ત કરી હતી અને સર્વમાં વિરાજમાન પરમાત્માને સમર્પિત અર્ઘ્યનું રૂપ લીધું હતું.

સાવિત્રીના આત્મામાંથી પ્રસરતો પ્રકાશ આસપાસનાં સર્વની ઉપર આક્રમણ કરતો હતો. એના હૃદયના ધબકાર આનંદનો સંચાર કરતા હતા. એના સાથમાં સુખો વધુ સુખિયાં બની જતાં ને દુ:ખો દિલાસો મેળવતાં. સત્યવાનના મસ્તક ઉપર હવે એ કાળો કાળ જોતી ન 'તી; પણ એક ગૂઢ સૂર્યની આસપાસ સુવર્ણમય આભામંડળ વિલોકતી. સાવિત્રીને જે દર્શનો થતાં ને સ્વપ્નાં આવતાં તેમાં સત્યવાન એને મૃત્યુની ગુહામાં ભોગ બનેલો કે અમર આનંદમાં એકલો મુક્ત વિહાર કરતો દેખાતો ન 'તો. હમેશાં એ જીવંત સ્વરૂપમાં ને સાવિત્રીના દેહના આનંદની સમીપમાં જ જોવામાં આવતો હતો. વળી એમનો સહચાર વનમાં નહિ પણ નગરના ભવ્ય ભવનમાં રાજોચિત વૈભવની વચ્ચે થયા કરતો હતો. આમ એ થોડો વખત સોનેરી સંચારોમાં વિચરી. આ હતો કાળરાત્રિ પહેલાંનો સૂર્ય.

આમ એકવાર એ પ્રેમાલિંગનથી પુલકિત બનેલી બેઠી હતી ત્યાં તો એના હૃદય નીચેના પાતાલગર્તે મોં વકાસ્યું અને એક અનામી મહાભયે એની નાડીઓને તાણવા માંડી. સાવિત્રીનો પોતાનો એ નહોતો, એનું મૂળ અદૃશ્ય હતું પણ ધસમસતા આવી એણે પોતાની પાર વગરની પાંખો ફેલાવી અને એનો જોખમ ભર્યો

ઉચ્છ્વાસ વિશ્વ ઉપર વ્યાપી ગયો. રાત્રિને માટેય અસહ્ય એવા એના ગાઢ અંધકારે સ્વર્ગને ને પૃથ્વીને ગ્રસી લીધાં. જીવનના આનંદનો અંત આણવાને એ કૃતસંકલ્પ બન્યો હતો. અર્ધદૃષ્ટ એક અદૃશ્ય કાળી અનંત વ્યકિત સાવિત્રીના દેહને ને દેહના દૈવતને જાણે મિટાવી દેવા માગતી હતી. જગતને અને જીવનના ઉદ્દેશને અસત્ બનાવી દેતો એક અનુચ્ચારિત વિચાર એણે પોતાના ઊંડાણોમાં સાંભળ્યો :

"અપૂર્ણ મનુષ્યના પાશવ શરીરમાં વ્યકિતસ્વરૂપ દેવત્વનો દાવો કરનારી તું કોણ છે? દુ:ખની દુનિયામાં સુખની આશા રાખતી નહિ. અનુકત શબ્દ ઉપર ધ્યાન દઈ, અવર્ણ્ય જ્યોતિથી અંજાઈ જઈ અજ્ઞેયને મૂર્તિમંત કરવાનાં સ્વપ્નાં સેવતી નહિ. નિસ્પંદ પરમોચ્ચની નરી અરૂપ પવિત્રતાને ભ્રષ્ટ કરવાની કે તારા હૃદયમંદિરમાં પ્રભુને બોલાવી લાવવાની અને એની સાથે બેસીને માનુષી આનંદ માણવાની ઇચ્છા કરતી નહિ. મેં સર્વ સરજ્યું છે ને સર્વને હું ભરખી જઉં છું. હું મૃત્યુ છું, જીવનની કાળી કારમી માતા છું, હું ભયંકર કાલી છું, વિશ્વનું છલન કરતી હું માયા છું. મારી ફૂંકથી હું માનવ સુખને રંજાડું છું, જીવવાની ઇચ્છાને ઝબે કરું છું, અસ્તિત્વના આનંદનો અંત આણું છું. શૂન્યાકાર શાશ્વતી જ કેવળ સત્ય છે. ઓ જીવ! અસત્ સ્વપ્નાં સેવ નહિ, જાતને જાણ અને મિથ્યા અસ્તિત્વ-માંથી મુકત થઈ જા."

અભાવાત્મક અસીમનો અસહિષ્ણુ અંધકાર ઉછાળા મારતો પાસે થઈને પસાર થઈ ગયો ને ભીષણ અવાજ ઓસર્યો. સાવિત્રીનું આંતર જગત ઉજ્જડ બની ગયું. એના આનંદનું રાજ્ય રહ્યું નહિ. અજ્ઞાત સનાતન સંકલ્પની વાટ જોતો ખાલી રંગમંચ ઉપર એનો આત્મા માત્ર રહ્યો. પછી હૃદયને સ્પર્શતો અને ચૈત્યાત્મા-ની ભાળ લેતો શબ્દ, રાત્રિના અવાજ પછી આવેલો પ્રકાશનો શબ્દ સંભળાયો અને સૂર્યના તેજસ્વી ઓજે તોસ્તાન તોફાનના તોરને ત્યાંથી ભગાડયો :

"ઓ આત્મા! તારા રાજ્યને શત્રુઓ સમક્ષ ખુલ્લું કરી દેતો નહિ. કાળને ને કમભાગ્યને પ્રવેશમાર્ગ ન મળી આવે તે માટે તારા મહાસુખના મહિમાને બને તેટલો છુપાવી રાખવાનું કબૂલ રાખ ને વિશાળતર મહારાજ્યનો એ ભાગ બની જાય ત્યાં સુધી તારાં ગહનોના પ્રકાશની દીવાલ પાછળ સુરક્ષિત રાખ. આખા બ્રહ્માંડને તારું બનાવી દેવાનું સાહસ ખેડ. સર્વમય બનવા માટે શૂન્યમય બનતાં ડરતો નહિ. મનુષ્ય પ્રભુમાં પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરે તે માટે માનવી લઘુતા સ્વીકાર. પ્રભુના અંધકારમાં તારું આગવું જ્યોતિર્મય રાજ્ય સ્થાપવા માટે, સાવિત્રી! તું આવી નથી. એ માટે તારે મર્ત્ય લોકમાં આવવાની જરૂર જ ક્યાં હતી? આ મથી રહેલા મહીમંડલમાં અંધ અને દુ:ખ સહેતી મનુષ્યજાતિને સહાય કરવા માટે તું ઊતરી આવી છે. જ્યોતિ પ્રત્યે જગતની આંખો તારે ઉઘાડવાની છે. શોકગ્રસ્ત હૃદયમાં તારે પરમાનંદ લાવવાનો છે, તારા જીવનને પૃથ્વી અને સ્વર્ગને સાંધતા સેતુરૂપ બનાવી દેવાનું છે, વિશ્વવ્યાપી વેદનાને તારી પોતાની બનાવવાની

છે; કેમ કે જેને પોતાને જગતના દુ:ખનો અનુભવ નથી તે દુ:ખનો ઉપાય ક્યાંથી મેળવશે? જો તે અતિશય ઊંચે જ રહેશે તો મર્ત્ય મનુષ્ય ત્યાં શી રીતે પહોંચી શકશે? માણસ જો પોતાના જેવાને ઊંચે આરોહતો જુએ તો જ તે ભવ્ય શિખરોએ ચડવાની આશા સેવી શકે છે અને કેવી રીતે ચડવું તે શીખી શકે છે. પ્રભુએ પૃથ્વી પર જન્મ લઈ મનુષ્ય બનવાનું છે, કે જેથી મનુષ્ય વિકાસ સાધી પ્રભુ જેવો બની શકે. જગતનું પરિત્રાણ કરવા માગતો હોય તેણે જગત સાથે તદાકાર બનવાનું છે, દુ:ખમાં પડેલાં સર્વેને પોતાના હૃદયમાં રાખવાનાં છે અને સર્વેનાં સુખદુ:ખને પોતાની ઉપર લઈ લેવાનાં છે. એના આત્માએ વિશ્વથીયે વિશાળ બનવાનું છે ને સનાતનતાને જ પોતાનું મૂળ તત્ત્વ માનવાનું છે. એણે જાણવું જોઈએ કે પોતે કાળથીય પુરાણો છે, સૃષ્ટિ એની ચેતનામાંનો એક પ્રસંગમાત્ર છે, સ્વાતિ આદિ મહાતારકો માત્ર અગ્નિના તણખા છે ને આત્માના એક ખૂણામાં પરિભ્રમણ કરી રહ્યા છે. બ્રહ્માંડનો પ્રલય એક પળમાત્રનું તોફાન છે. તો તું હવે બધા વિચારોને વિવાસિત કરી દે અને પ્રભુનું પરમ શૂન્ય બની જા, કાળનાં કર્મને રસાતળમાં જવા દે, નામરૂપમાંથી નીકળી જા અને એકમાત્ર પ્રભુને જ અવકાશ મળે એવી અકિંચિત્ બની જા. "

ઉદ્ધારક મહાશબ્દ આમ બોલ્યો ને સાવિત્રીએ એને સાંભળ્યો ને માથું નમાવી એ ઊંડા ધ્યાનમાં ઊતરી પડી. નીરવ રાત્રિમાં એણે ચૈત્યાત્માના એકાંતમાં ઊંડી દૃષ્ટિ કરી. સાક્ષી બનીને એ સર્વ જોવા લાગી અને પોતાની અંદર ચાલી રહેલા નાટકની પ્રેક્ષિકા બની ગઈ; આંતર દૃશ્યોનો અભ્યાસ એણે આદર્યો. ભાવાવેશો, પ્રાણનો પરિશ્રમ, વિચારોની અવરજવર—એ સર્વનું એણે નિરીક્ષણ કરવા માંડ્યું. પોતાના સત્ત્વમાં ખળભળી ઊઠેલા સર્વન એણે ઉપર આવવા દીધું. એમાંના કશાયને એણે ન તો બોલાવ્યું, ન તો ફરજ પાડી કે મના કરી. ચાલી રહેલી અટપટી ક્રિયા-પ્રક્રિયાઓનું અનુસરણ કરતાં પાછળ રહીને પ્રેરનારાનો શબ્દ એણે સાંભળ્યો. માણસનાં ઊંડાણોમાંથી જે પશુવૃત્તિઓ, આવેગો ને આવેશો ઉપર આવે છે તે સર્વને એણે જોયા. પાતાળગર્તમાંથી મીટ માંડતાં બળો એણે નિહાળ્યાં અને જીવને મુક્ત બનાવતી નીરવ જ્યોતિ એણે જોઈ. પણ વિચાર ક્યાંથી ઉદ્ભવે છે તે જોવા માટે એની દૃષ્ટિ સૌથી વધારે ધ્યાન આપવા લાગી. વિચાર આપણા મસ્તિષ્કમાંથી આવતો તો દેખાય છે પણ તે અણદીઠ સૂક્ષ્મ દેહમાંથી યા તો વિશ્વના પ્રદેશમાંથી આવતો હતો એવું એણે જોયું. મગજના કારખાનાની પેદાશની છાપ લાગેલી હોવા છતાં વિચાર આવતો હતો બહારથી, એ હકીકત એના ધ્યાનમાં આવી. કોઈ કોઈ વાર એના ચૈત્યાત્મામાંથી અદ્ભુત પ્રકાશમાન વિચાર બહાર આવતો તો કોઈ કોઈ વાર હૃદયમાંથી પ્રાણ, પ્રેમ અને ભાવોદ્રેક ભર્યા સત્યને શોધતું જ્વલંત મુખ પ્રકટ થતું, ને એના પ્રભાવથી જીવન રૂપાંતર સમર્પનારી આશાથી અદ્ભુત બની જતું ને શ્રદ્ધાનું સ્વર્ગીય સૌન્દર્ય રૂપધારી બની પ્રાણવાન ગુલાબપુષ્પની

માફક હસી ઊઠતું. એના હૃદયમાં બેઠેલો જાદૂગર પગલાંને આગળ પ્રેરતો ને દૃષ્ટિને ઊંચે વાળતો હતો. રૂપાંતરકારી આશાથી એણે જીવનને ચમત્કારી બનાવી દીધું. ભવાં વચ્ચેના કેન્દ્રમાં એક દૃષ્ટિસંપન્ન સંકલ્પ વિમર્શતો હતો. કાંતિમાન કવચધારી ફિરસ્તાઓ જેવા વિચારો મગજ પાછળ ઓપતા હતા ને પ્રાર્થનાની અંજલિઓ સાથે સ્વર્લોકનાં કિરણો પાર્થિવ રૂપોમાં વેરતા હતા. હૈયામાંથી કલ્પનાઓ ભભૂકતી ઉપર જતી. એમનામાં હતાં સ્વર્ગીય સૌન્દર્ય, આનંદના સ્પર્શ, ચમત્કારનાં આયોજન અને સંમુદાનાં સ્વપ્ન.

એના નાભિકમળ આગળથી વિશાળાં વિશ્વોનાં સંવેદનો કંઠના નાજુક ચક્ર ઉપર આક્રમણ કરતાં અને દિવ્ય વાણીને પ્રકટાવનારા ધ્વનિઓ લાવતાં. નીચે કામનાઓ પોતાની મૂક આસ્પૃહાને આકાર આપતી, અને દૈહિક માધુર્યની ને મહામુદાની અભિલાષાઓને, વસ્તુઓને તથા ચૈત્યને પકડમાં લેવાને પ્રેરતી.

સચેત અંગોમાંથી ઉદ્ભવેલા એના દેહના વિચારો એમની ઝંખનાઓને મસ્તિષ્કના ગૂઢ કમલે લઈ જતા કે જ્યાં કુદરતના મર્મરાટો અનિર્વચનીયનો સમાગમ સાધે છે. પરંતુ બાહ્ય મનમાં બંદી બનેલા માનવ માટે આ સૌને એને બારણે પોતાનો પારપત્ર બતલાવવો પડતો ને ભેજાની પેદાશ રૂપે પસાર થવું પડતું. માત્ર આંતરિક મનની સાથે જ તેઓ અપરોક્ષ વાતચીત કરે છે અને સાક્ષી ચૈત્ય પાસે પ્રકૃતિના દૂતો બનીને ઉપસ્થિત થાય છે. ઇન્દ્રિયો માટે અગોચર એવા આત્મગૃહના અંદરના ઓરડાઓ, એમની અંદર ચાલી રહેલું બધું ને ત્યાં આવેલા મહેમાનોને સાવિત્રી આગળ પ્રકટ કરતા હતા.

અદૃશ્ય પ્રતિ એની આંખ ઊઘડી. આપણી આ આંખો જેમને જોઈ શકતી નથી તે આકારો અવલોકાયા, મર્ત્ય કાન જેમને સાંભળી શકતા નથી એવા સ્વરો સંભળાયા, સ્પર્શગમ્ય નથી એવા સ્પર્શોનું મુદામાધુર્ય અનુભવાયું; સાવિત્રીમાં દૂરદૃષ્ટિ અને દૂરશ્રુતિ સક્રિય બની, જગતના મહાન વિચારો એના પોતાના વિચારોના ભાગ બની ગયા. મૂક રહેલી લાગણીઓ ને ભાવનાઓ ને અવચેતનનાં અસંબદ્ધ સૂચનો અમર સત્યતા સાથેના પોતાના સંબંધો પ્રકટ કરવા લાગ્યાં. અદૃશ્ય હતું તે દૃશ્ય અને શ્રાવ્ય બન્યું. પારના ચૈતન્યમાંથી વિચારો છલંગીને નીચે ઊતર્યા અને પડદા પૂઠનાં ઊંડાણોમાંથી સોનેરી માછલીઓની માફક વિચારો વિલસવા લાગ્યા.

આ વિશ્વ એક અખંડિત સમગ્રતા છે. એક ઊંડી એકાત્મકતા એનાં વિપરીત બલોનેય સંયુક્ત રાખે છે. પ્રભુનાં શિખરો મૂક પાતાલ ગર્ત ઉપર દૃષ્ટિ વાળીને જુએ છે. દિવ્યતમ તુંગતાઓ પ્રત્યે વિકાસ સાધતો માનવ ભૂતપિશાચ તેમ જ વેતાલો સાથે સંલાપ કરે છે, માનવમાંનો દેવ હજીય આરંભના હેવાન સાથે એક જ ઘરમાં રહેતો હોય છે. શાશ્વતની શકિતઓ અકાળમાં અકાળ અને કાળમાં નિત્ય જન્મ લેતી હોય છે.

આપણા બાહ્ય મનમાં જે હોય છે તે બધું શરીરના કારખાનામાં પાર્થિવ શકિતએ તૈયાર કરેલી પેદાશ છે, આ મનના યંત્રમાં બનેલું સૌ બહારની સામગ્રીમાંથી બનાવેલું ને નાશવંત હોય છે. આપણે જે જે બનાવીએ છીએ તેમાંનું કશું પણ પૂરેપૂરું આપણું પોતાનું હોતું નથી, આપણે તો ખાલી ઓજારો હોઈએ છીએ. બધું કુદરતની કરામત છે. પ્રતિભાશાળી વ્યકિતઓય એમને અમર બનાવતી કૃતિઓ ઊર્ધ્વની રહસ્યમયતામાંથી મેળવે છે. શબ્દ, રૂપ, મોહિની, મહિમા અને મનોહર ચારુતા એક અલૌકિક અગ્નિના કાર્ય સાધવા આવેલા સ્ફુલિંગો છે. બારણું ઠોકતી પ્રેરણા આવે છે ને અમૂલ્ય બક્ષિસો આપી જાય છે, જોકે ઝીલનાર મન એમાં થોડો બિગાડ પણ આણે છે. આમ આવેલી વસ્તુ જ્યારે ઓછામાં ઓછી બગડી હોય છે ત્યારે વધારેમાં વધારે દિવ્ય બની હોય છે.

માણસનો અહંભાવ વિશ્વને પોતાના ઉપયોગ માટે લઈ લેવાનો દાવો તો કરે છે, પણ પ્રકૃતિ જ એનામાં મોટા ભાગનું કરે છે ને બાકીનું ઉચ્ચ કાર્ય પ્રભુ કરે છે. આપણા ચૈત્યાત્માનો સ્વીકાર માત્ર આપણી પોતાની વસ્તુ છે. આ સ્વતંત્ર ને એકવારનો પરમોચ્ચ શકિતથી સંપન્ન જીવ, સૃષ્ટિપૂર્વનો સ્વયંભૂ, જગતનો સ્વીકાર કરે છે ને પ્રકૃતિનો બદ્ધ-દાસ બને છે ને જ્યાં સુધી પ્રકૃતિ એને મુકત બનાવતી નથી કે પોતે પ્રભુનો પરમસેવક બનતો નથી ત્યાં સુધી પ્રકૃતિનો ગુલામ જ રહે છે.

આપણો મર્ત્ય મોખરો આવો છે, પણ આપણા આત્માનું મહત્તર સત્ય એની પાછળ રહેલું છે. આપણી ચેતના છે વૈશ્વિક ને અનંત. પરંતુ જ્યાં સુધી જડ-દ્રવ્યની દીવાલ આપણે તોડી પાડતા નથી ત્યાં સુધી આપણે આત્માની અનંતતામાં અવસ્થિત થઈ શકતા નથી, આપણા જગતના નાથ બનવા પામતા નથી. મન અને શરીર તો કેવળ આપણાં હથિયારો છે. આપણું અધ્યાત્મ સત્ય તો દેહ અને વિચાર પાર કેવલ બ્રહ્મમાં રહેલું છે.

સાવિત્રી મનના ધર્મમાંથી મુકત થવા માટે ઊર્ધ્વે આરોહી, ને મનને અદૃશ્ય-સ્વરૂપની નીરવતામાં નીરવ થવા દીધું. ઊર્ધ્વમાં રહી એણે સૃષ્ટિનું અવલોકન કર્યું. ત્યાંથી એણે પ્રભુની અકાળ શાંતિને આત્મસમર્પણ કરવાનો પોતાનો સંકલ્પ આખી જાત ઉપર અમલમાં મૂકયો. પરિણામે એની અંદરનું સર્વ શાંત થઈ ગયું. ભાવો ને વિચારો ને સ્વભાવનાં અન્ય તત્ત્વો દબાઈ ગયાં હતાં ને એ ગમે ત્યારે ફાટી નીકળે એવો સંભવેય હતો. પણ પછી તો આય બંધ પડયું ને સાવિત્રીનું શરીર પથ્થર જેવું બનેલું દેખાયું. બધું જ એક બેશુમાર જબરજસ્ત ખાલીખમ રિકતતા બની ગયું. પરંતુ હજીય તે શાશ્વતી નીરવતાથી અને પરમાત્માના પરમા-રામથી દૂર હતું. હજીય દૂરની દુનિયામાંથી રડયાખડયા વિચારો આવતા, પણ એક સંકલ્પ એમને અટકાવતો અને એમની ઉપર ફટકો પડતો ને તેઓ અનંતતામાં અંતર્લીન થઈ જતા. એમ કરતાં કરતાં આખરે બધો જ વ્યાપાર બંધ પડી ગયો,

બધું જ નિસ્પંદ બની ગયું, નીરવ અવકાશમાં નીરવ આત્મા—અકાલ ને એકાકી સર્વત્ર વ્યાપી ગયો.

આ ઘોર નરી નિસ્તબ્ધતામાં એક મહાશૂન્યાકારતાની ઝાંખી થઈ. એણે સર્વનો ઇનકાર કર્યો 'તો, પ્રકૃતિને રદબાતલ કરી 'તી, આત્માનોય સ્વીકાર ન કરવાનો એનો સર્વોપરી દાવો હતો. નિરંજન, નિરાકાર, નિ:સંજ્ઞ કેવળ ચૈતન્યે મનનું સ્થાન લઈ લીધું હતું. પરિણામે સાવિત્રીનું સત્ત્વ નામમાત્ર બની ગયું, જગત બન્યું આત્મસત્તા ઉપર આલેખેલું ચિત્રમય પ્રતીક, રૂપનું ને શબ્દનું ખાલી સ્વપ્ન. સાવિત્રીમાં ન 'તી સંવેદના , ન' તી લાગણી; એનું હૃદય અચેત લયે ધડકયા કરતું હતું, શરીર જોતું, હાલતું, ચાલતું ને બોલતું હતું. ચેતનાનાં કાર્ય-પ્રતિકાર્ય બંધ પડી ગયાં હતાં. વિચારની સહાય વગર સાવિત્રી સમજતી, કહેવાનું કહેતી, કરવાનું કરતી. કાર્ય પાછળ કર્તા નહોતો. એના કાર્યની ને એની દૃષ્ટિની પાછળ જે પ્રત્યક્ષાવબોધ હતો તે જો જતો રહે તો વસ્તુમાત્ર વિરમી જાય ને એનું અંગત જગત અસ્તિત્વ વગરનું બની જાય એવી એ અવસ્થા હતી. એમાં દૃષ્ટિ સાથે દૃષ્ટિની તદાકારતા હતી. જ્ઞાનની પ્રક્રિયા વગર એને જ્ઞાન થતું. જગતને એ જતું જોતી ને સાથે સાથે એની અસીમ અવાસ્તવિકતા પણ જોતી. બધું જ માયાની રચના જેવું જણાતું. જે એક સત્યસ્વરૂપ હતું તે દિક્-કાળથી અળગું પડીને ઊભું હતું. એનું તથ્ય રૂપથી, રેખાથી ને રંગથી છટકી જતું. આંખ એને આકાર આપી શકતી નહોતી, શ્રુતિ એને સુણવાનો વ્યર્થ પ્રયત્ન કરતી હતી, ઇન્દ્રિયોને એ ઉત્તર આપતું ન 'તું, મનને એ બોલાવતું નહોતું. એ હતું અજ્ઞેયમાંથી આવતો અશ્રાવ્ય સ્વર, વિશ્વતોગામી બિન્દુ. એને ન 'તું માપ, ન 'તી સ્થિરતા, ન 'તી દૃશ્યતા. અસ્તિત્વરૂપે જેનો આભાસ થાય છે તે સર્વનો એનો ઇનકાર અનંત હતો. શાશ્વતતાની અને અનંતતાની આ અદ્‌ભુત ને એકાકી સત્યતાને પ્રકટ કરવાની શકિત મનમાં નહોતી. બ્રહ્માંડ એના પ્રકાશમાંથી પ્રભવેલો સ્ફુલિંગનો પ્રસ્ફોટ છે, ક્ષણો એની અકાલતાના ઝબકારા છે. આ **तत्**‌નું દર્શન થતાં મન આગળથી બધી જ વસ્તુઓ અલોપ થઈ જાય છે. એના મુખ આગળ દ્રષ્ટા વગર દેખતા ચૈતન્યની એ ઢાલ રાખે છે, જયાં જ્ઞાન, જ્ઞાતા કે જ્ઞાત નથી એવું સત્ય રાખે છે, જયાં પ્રેમી ને પ્રેમપાત્ર નથી એવો નિજાનંદમાં નિમગ્ન પ્રેમ રાખે છે, સંપૂર્ણ શાંતિએ સભર સર્વસમર્થ શકિત રાખે છે, જેના આસ્વાદની આશા કોઈ રાખી શકે નહિ એવો પરમાનંદ રાખે છે.

નિરાકાર મોક્ષ સાવિત્રીને મળ્યો. મગજમાં ને માંસમાટીમાં એકવારની દટાઈ રહેલી એ ઊર્ધ્વે આરોહી હતી. એક વ્યકિતરૂપ એ રહી નહોતી, અનંતતામાં એણે પ્રવેશ કર્યો હતો. ઇન્દ્રિયોનો પ્રદેશ એણે છોડયો હતો, વિચાર કરવાની જરૂર એને રહી ન 'તી, જ્ઞાનાજ્ઞાનમાંથી એણે મુકિત મેળવી હતી, સત્યાસત્યમાંથી એનું પરિત્રાણ થયું હતું, હવે એ સ્વયંભૂ શબ્દ ને અનાવૃત ભાવના પાર જઈ

પરચૈતન્યમયના ઊર્ધ્વ ધામની સહભાગિની બની ગઈ હતી. એક અંતિમ વિલોપન માત્ર બાકી રહ્યું હતું. આત્માની સ્મૃતિ હજુ હતી અને એ એને શૂન્યાકારતાથી અળગી રાખતી હતી. એ तत् માં હતી પણ तत्स्वरूप હજુ બની ગઈ નહોતી. અભાવની આટલી બધી સમીપતામાં રહેલું આ એનું છાયાસ્વરૂપ એવું હતું કે એને આધારે એ ફરીથી જીવનનું અવલંબન-બિન્દુ બની શકે, અચિંત્યમાંથી પરાવર્તન કરી રહસ્યમય વિરાટ ચાહે તે સ્વરૂપ ધારણ કરી શકે. અજ્ઞેયનો આદેશ આવે તો સાવિત્રી શૂન્યાકાર બની શકે, યા તો નવેસર સર્વમય બની શકે, યા તો જો સર્વશકિતમાન શૂન્ય આકાર લે તો કોઈ એક વ્યકિતસ્વરૂપે આવિર્ભાવ પામી વિશ્વનો ઉદ્ધાર કરી શકે, એવી અવસ્થા આવી હતી.

અત્યારેય એનો દેદીપ્યમાન આત્મા મૌન ને શૂન્યમાંથી ભભૂકતો પાછો આવે એવું હતું. સર્વાદ્‌ભુતમયનો એક પ્રકાશમાન અંશ, સર્વનું સમર્થન કરતા કેવલ-સ્વરૂપની એક શકિત, સનાતન સત્યની વિલસતી આરસી, એવી એ સર્વમાં સંસ્થિત एक નું પ્રકટ મુખ પ્રદર્શે ને મનુષ્ય જીવોને એમની ગાઢ એકાત્મકતાનું દર્શન કરાવે, અથવા તો વિશ્વના દિવસની ને રાત્રિની પાર પ્રભુની પરમ શાંતિમાં પ્રબુદ્ધ થઈ પોતે શુભ્ર સનાતનતામાં સુખારામ લે એવી શકયતા હતી. પણ અત્યારે તો આ અવાસ્તવિક અને આદ્યેનું હતું ને અગાધ રિકતતામાં ગૂઢ ઢાંકી રખાયેલું હતું. અનંત શૂન્યતામાં અંતિમ ઇંગિત રહેલું છે, અથવા જે સત્સ્વરૂપ છે તે અજ્ઞેય છે. એકાકી કેવલે સર્વને નકાર્યું. એની એકાંતતામાંથી એણે અજ્ઞાનના જગતને મિટાવી દીધું અને ચૈત્યાત્માને એની સનાતન શાંતિમાં ગરકાવ કરી દીધો.